GJVL050005972026

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૨/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | ૧૦/૦૨/૨૦૨૬ | | |
| નિર્ણય તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૦** | **૦૪** | **૦૧** |

**–::નમૂનો–અ::–**

## ધરમપુરના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધરમપુર.

**ચુકાદાની તારીખ : ૧૧/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૫૫૬/૨૦૨૬**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ. ની કલમ– ૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબ.. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૦૦૧૮૨૫૧૭૨૨/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ધરમપુર પોલીસ સ્ટેશન |
| ફરિયાદપક્ષ | નામદાર સરકારશ્રી |
| રજૂઆત | એ.પી.પી.શ્રી બી.એસ.ભોયે. |
| આરોપીપક્ષ | ૧) યશ ઈન્દ્રસિંહ સોલંકી, ઉ.વ.૨૪, વ્યવસાય– અભ્યાસ, રહે. નટવર પાર્ક, ડેપોની પાછળ, તા. ધરમપુર, જિ. વલસાડ. |
| રજૂઆત | વિ.વકીલશ્રી જે.એ.સોલંકી |

**–::નમૂનો–બ::–**

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૬/૧૧/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૬/૧૧/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૮/૦૧/૨૦૨૬ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૧૦/૦૨/૨૦૨૬ |
| પ્લી નોંધ્યા તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| પુરાવાના સ્ટેજે આવ્યા તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ/હુકમની તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |

::આરોપીની વિગત ::

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્ત | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયનો સમય ગાળો ફો. કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | યશ ઈન્દ્રસિંહ સોલંકી | ૧૬/ ૧૧/ ૨૫ | ૧૬/ ૧૧/ ૨૫ | બી.એન.એસ. ની કલમ– ૨૮૧ તથા મોટર વ્હીકલ | નિર્દોષ | – | – |

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | **એકટની કલમ– ૧૭૭, ૧૮૪** | | | |

**::નમૂનો ક::**

**મૌખિક પુરાવા :–**

**અ. ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

| **અનુ.** | **નામ** | **આંક** |
|---|---|---|
| (૧) | પંચસાહેદ હિતેશભાઇ હીરૂભાઇ પટેલની જુબાની | ૪ |
| (૨) | પંચસાહેદ રાહુલભાઇ ઠાકોરભાઇ સોલંકીની જુબાની | ૬ |
| (૩) | ફરિયાદી સોમાભાઇ લખુભાઇ ભડાગીની જુબાની | ૭ |
| (૪) | ત.ક.અ.શ્રી મહેશભાઇ મંગળભાઇની જુબાની | ૯ |

**બ. બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ક. અદાલત ધ્વારા :–**

| અનુ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**દસ્તાવેજી પુરાવા :–**

**અ. ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–**

| **અનુ.** | **આંક** | **પુરાવાનું વર્ણન** |
|---|---|---|
| (૧) | ૫ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું |

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| | | |
|---|---|---|
| (૨) | ૮ | ફરિયાદ |
| (૩) | ૧૦ | કલમ– ૬૩(૪)સી અંગેનું સર્ટી. |
| (૪) | ૧૧ | ડેપ્યુટ હુકમ |

**બ. બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–**

| અનુ ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ક. અદાલત દ્વારા :–**

| અનુ ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ડ. સામગ્રીની વસ્તુઓ :–**

| અનુ ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**–:: ચુ કા દો ::–**

**કેસની ટુંકી હકીકત :**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૬/૧૧/૨૦૨૫ ના કલાક ૧૮:૪૫ વાગ્યે મોજે ધરમપુર, લક્ષ્મીનારાયણ મંદિર ત્રણ રસ્તા પાસે આ કામના આરોપીએ એક

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

હીરો ડેસ્ટીની મોપેડ નંબર– જીજે ૨૧ બીપી ૪૮૬૫ ની પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી પકડાઇ જઇ ગુનો કરેલ હોવાથી પોલીસે અત્રેની નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

## <u>ન્યાયિક કાર્યવાહી</u>

(૨) હાલના કામના આરોપી વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૧૦(૧)(ખ) આધારે આરોપી વિરુદ્ધ **બી.એન.એસ. ની કલમ– ૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪** મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૨૭ અન્વયે આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિ.વ.શ્રી. મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૩૦ માં ઠરાવેલ જોગવાઈ અનુસાર આરોપીને તેઓને બચાવ માટે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે સોંપ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોક્ત ગુના અન્વયેની સજાની જોગવાઈ ધ્યાને લેતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨(એક્ષ) મુજબ સમંસ ટ્રાયેબલ ગુનો હોય આંક–**3** થી આરોપીનું નિવેદન નોંધતા તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદરહું અધિનિયમની કલમ– ૨૭૭ મુજબ ફરિયાદપક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં આરોપીનો મુખ્યત્વે બચાવ ગુન્હાના ઈન્કારનો છે. આરોપીએ બચાવના સાહેદ તપાસેલ નથી કે સોગંદ

ઉપર પુરાવો આપવાનું પસંદ કરેલ નથી. વધુમાં, તેઓએ વિશેષમાં એવું જણાવેલ છે કે,''અમો નિર્દોષ છીએ. કુટુંબ કબીલાવાળા ઈજ્જતદાર વ્યકિત છીએ. કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. જેથી અમો ઉપર દયા રહેમની નજર રાખી નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવશોજી.''

## <u>દલીલ</u>

(૪) અત્રે એ ઉલ્લેખનીય બાબત છે કે, એ.પી.પી.શ્રી અને આરોપીના વિ. વકીલશ્રીની દલીલો ધ્યાનપૂર્વક સાંભળવામાં આવેલ છે. તેમજ ફરિયાદપક્ષે કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે અને જેની ચર્ચા મુદ્દાઓ સાથે સાંકળી લીધેલ છે.

(૫) ફરિયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાને લેતાં કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

### **–।। મુદ્દાઓ ।।–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૬/૧૧/૨૦૨૫ ના કલાક ૧૮:૪૫ વાગ્યે મોજે ધરમપુર, લક્ષ્મીનારાયણ મંદિર ત્રણ રસ્તા પાસે આ કામના આરોપીએ એક હીરો ડેસ્ટીની મોપેડ નંબર– જીજે ૨૧ બીપી ૪૮૬૫ ની પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી પકડાઇ જઇ બી.એન.એસ. ની કલમ– ૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

**(૬)** ઉપરોક્ત મુદ્દાઓના આ અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં** |
| **(૨)** | **આખરી હુકમ મુજબ** |

**<u>-II કારણો II-</u>**

(૭) આ કામના વર્તમાન આરોપી વિરુદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં, ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદમાં સકારાત્મક પુરાવાથી શંકાથી પરે સાબિત કરવાના રહે છે. આ કામે ફરિયાદપક્ષે સૌ પ્રથમ નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે;

(૧) અકસ્માત સમયે વાહનનો ચાલક હાલનો આરોપી જ હતો.

(૨) અકસ્માત સમયે આરોપી વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અથવા બેદરકારીપૂર્વક મનુષ્ય જિંદગી જોખમાય તે રીતે હંકારી હોવાના કારણે અકસ્માત થયેલ.

(૩) સવારી રાખનાર આ પ્રકારની બેદરકારીના કારણે અકસ્માત થયેલ.

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે **<u>બી.એન.એસ.ની કલમ- ૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૭૭, ૧૮૪</u>** મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને જે ગુનાના કાયદાકીય આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે તો તે ક્યારે અને કેવી રીતે બને તેની ચર્ચા કરું તો તે નીચે મુજબ છે :

**બી.એન.એસ. ની કલમ ૨૮૧- જાહેર રસ્તા પર બેદરકારી, અવિચારી કે જોખમી રીતે વાહન ચલાવવું :-**

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

*"જાહેર માર્ગ પર બેદરકારીથી કે જોખમી રીતે વાહન ચલાવવા અંગેનો ગુનો છે. આ કલમ હેઠળ, જો કોઈ વ્યક્તિ માનવજીવનને જોખમમાં મૂકે તેવી રીતે વાહન ચલાવે, તો તેને છ મહિના સુધીની કેદ, રૂા.૧,૦૦૦/- સુધીનો દંડ અથવા બંનેની સજા થઈ શકે છે."વધુમાં, આરોપી ઉપર મોટર વ્હીકલ એક્ટની કલમ- ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ ના ગુનાઓનું પણ તહોમત છે. જેની કાયદાકીય જોગવાઈઓ નીચે મુજબ છે:-*

**મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૭૭- ગુનાઓની સજા માટેની સામાન્ય જોગવાઈ :-**

*"જે કોઈ આ અધિનિયમની કોઈપણ જોગવાઈ અથવા તેના હેઠળ બનાવેલા કોઈપણ નિયમ, નિયમન અથવા સૂચનાનું ઉલ્લંઘન કરે છે, જો ગુના માટે કોઈ દંડની જોગવાઈ ન હોય, તો તેને પહેલા ગુના માટે [પાંચસો રૂપિયા] સુધીનો દંડ અને બીજા કે પછીના ગુના માટે [એક હજાર પાંચસો રૂપિયા] સુધીનો દંડ થશે."*

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

**મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૪– ખતરનાક રીતે વાહન ચલાવવું :–**

*"જે કોઈ મોટર વાહન એવી ગતિએ અથવા એવી રીતે ચલાવે છે જે જાહેર જનતા માટે જોખમી હોય [અથવા જેનાથી વાહનમાં બેઠેલા લોકો, અન્ય માર્ગ વપરાશકર્તાઓ અને રસ્તાની નજીક રહેતા વ્યક્તિઓને ભય અથવા તકલીફ થાય], કેસના તમામ સંજોગોને ધ્યાનમાં રાખીને, જ્યાં વાહન ચલાવવામાં આવે છે તે સ્થળની પ્રકૃતિ, સ્થિતિ અને ઉપયોગ અને તે સમયે ખરેખર કેટલી ટ્રાફિક છે અથવા જે તે જગ્યાએ હોવાની અપેક્ષા રાખી શકાય છે, તેને પ્રથમ ગુના માટે સજા થશે [જે એક વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ જે એક હજાર રૂપિયાથી ઓછો નહી પરંતુ પાંચ હજાર રૂપિયા સુધીનો હોઈ શકે છે, અથવા બંને સાથે], અને જો અગાઉના સમાન ગુના કર્યાના ત્રણ વર્ષની અંદર આચરવામાં આવે તો બીજા અથવા પછીના ગુના માટે બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ [દસ હજાર રૂપિયા], અથવા બંને સાથે."*

(૮) ઉપરોકત મુદ્દા સંબંધિત ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલાં પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની ત્રીજી આવૃતિના પાના નં.૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની ધ્વારા કરવામાં આવેલ છે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે :

> ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈપણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારિક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તિત્વ એ અનઅસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે.''

આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયા એ પુરાવાના મૂલ્યાંકનનો ભાગ છે.

(૯) આ કામે ફરિયાદપક્ષે પંચસાહેદો હિતેશભાઈ હીરૂભાઈ પટેલ તેમજ રાહુલભાઈ ઠાકોરભાઈ સોલંકી નાઓને અનુક્રમે આંક–૪ અને ૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું બંને પંચસાહેદોને આરોપીની શરીર સ્થિતીનું પંચનામું બતાવવામાં આવતા તેમાં અનુક્રમે પંચ નં.૧ અને ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે, જે પંચનામું આંક– ૫ થી રજુ છે.

ત્યારબાદ ઉપરોકત બંને પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા અને બાદમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં પણ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

ત્યારબાદ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત સ્વીકારેલ છે કે, પોલીસના કહેવાથી તેઓએ એક લખેલ કાગળમાં સહી કરેલ હતી તેમજ તે સિવાય બીજું તેઓ કાંઈ જાણતા નથી.

(૧૦) ત્યારબાદ આ કામે આંક–૭ થી ફરિયાદી સોમાભાઈ લખુભાઈ ભડાગી નાઓને તપાસવામાં આવેલા છે. સદરહું ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' બનાવ તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ બનેલો. બનાવના અરસામાં અમો તથા બે પોલીસના માણસો સાથે ધરમપુર લક્ષ્મીનારાયણ મંદિર ત્રણ રસ્તા પાસે ટ્રાફિક નિયમન કરતા હતા. તે દરમ્યાન એક હીરો ડેસ્ટીની મોપેડ જીજે ૨૧ બીપી ૪૮૬૫ ના ચાલક પોતાની મોપેડ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવતો હોય તેથી તેને સરકારી લાકડી વડે સાઈડમાં ઉભો રાખી તેને પુરઝડપે બાઈક ચલાવવા બાબતે પુછપરછ કરતાં તેણે કોઈ સંતોષકારક જવાબ કે વ્યાજબી કારણ જણાવેલ નહી. જેથી અમોએ સદર આરોપી તેમજ તેમની બાઈકને પો.સ્ટે. લઈ જઈ પી.એસ.ઓ. ને મુલાકાત કરાવેલી અને તેનું નામઠામ પૂછતા તેણે પોતાનું નામ યશ ઈન્દ્રસિંહ સોલંકી, રહે. ધરમપુર, નટવરપાર્ક, ડેપોની પાછળ હોવાનું જણાવેલ. આ આરોપી સામે અમોએ કાયદેસરની કાર્યવાહી કરવા સારું ધરમપુર પો.સ્ટે. માં ફરિયાદ આપેલી. ફરિયાદ અમોને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં ફરિયાદી તરીકે મારી સહી છે, તે ઓળખી બતાવું છું. જે ફરિયાદ આંક– ૮ થી રજુ છે.''

ત્યારબાદ ફરિયાદીએ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,'' બનાવ વખતે અમારી સાથે કોણ કોણ હાજર હતા તેઓના નામ મારી

ફરિયાદમાં જણાવેલા નથી. ગુનાની ફરિયાદ અમોએ બનાવવાળી જગ્યા ઉપર આપેલ નથી. મારી ફરિયાદમાં મે આરોપીના કદકાઠીનું વર્ણન જણાવેલ નથી. પંચોને અમોએ બોલાવેલા નથી. મારી ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી.''

(૧૧) ત્યારબાદ આ કામે આંક–૯ થી ત.ક.અ.શ્રી મહેશભાઇ મંગળભાઇ નાઓને તપાસવામાં આવેલા છે. સદરહું ત.ક.અ.શ્રી એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,''સદર બનાવ તા. ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ બનેલો. બનાવના અરસામાં અમો પો.સ્ટે. હાજર હતા અને અમારી સાથેના પો.કો. સોમાભાઈ લખુભાઈ તેમજ અન્ય બે પોલીસના માણસો સાથે ધરમપુર લક્ષ્મીનારાયણ મંદિર ત્રણ રસ્તા પાસે ટ્રાફિક નિયમન કરતા હતા. તે દરમ્યાન એક હીરો ડેસ્ટીની મોપેડ જીજે ૨૧ બીપી ૪૮૬૫ ના ચાલક પોતાની મોપેડ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવતો હોય તેથી તેને સરકારી લાકડી વડે સાઈડમાં ઉભો રાખી તેને પુરઝડપે બાઈક ચલાવવા બાબતે પુછપરછ કરતા તેણે કોઈ સંતોષકારક જવાબ કે વ્યાજબી કારણ જણાવેલ નહી. જેથી પોલીસના માણસોએ સદર આરોપી તેમજ તેમની બાઈકને પો.સ્ટે. લઈ આવેલ અને તેનું નામઠામ પૂછતા તેણે પોતાનું નામ યશ ઈન્દ્રસિંહ સોલંકી, રહે. ધરમપુર, નટવરપાર્ક, ડેપોની પાછળ હોવાનું જણાવેલ. આ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા સારું પો.કો. સોમાભાઈ લખુભાઈ નાઓએ ધરમપુર પો.સ્ટે. માં ફરિયાદ આપેલી અને જે અંગેનું પંચનામું અમોએ કરેલું અને અને અમોએ પંચોનું તેમજ ફરિયાદીના ફોટોગ્રાફ તથા વિડીયોગ્રાફી કરેલી અને તે ઈ–સાંખ્ય એપ્લીકેશનની અંદર અપલોડ કરેલું. જે અંગે ૬૪(૪)(સી) અંગેનું સર્ટીફીકેટ જનરેટ થયેલું અને તેની સાથે વિડીયો તેમજ ફોટોગ્રાફી અંગેનું હેઝ વેલ્યુ

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

સાથેનું પત્રક જનરેટ થયેલું જે આ કામે રજુ કરું છું. જે આંક– ૧૦ થી રજુ છે. સદર ગુનો ધરમપુર પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૨૫૧૭૨૨/૨૦૨૫, બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ– ૨૮૧ તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો રજીસ્ટર થતા અમોને તપાસ સુપ્રત કરેલી. જેનો ડેપ્યુટ હુકમ આંક– ૧૧ થી રજુ છે. આમ અમોએ તપાસ સંભાળી લઈ આ કામના આરોપી પાસેથી વાહનને લગતા સાધનિક કાગળો મેળવી આરોપી સામે પુરતા પુરાવા જણાઇ આવતા અમોએ તેમના વિરૂદ્ધ ચાર્જશીટ કરેલી.''

ત્યારબાદ ઉપરોકત ત.ક.અ.શ્રી એ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,'' લક્ષ્મીનારાયણ ત્રણ રસ્તા ધરમપુરના મુખ્ય માર્ગ ઉપર આવેલું છે ત્યાં રોડની સાઇડમાં તૈયાર કપડાં વેચવાની લારી લગાવવામાં આવેલી. ફરિયાદની અંદર કહેવાતું મોપેડ કેટલી સ્પીડ ઉપર જતું હતું તેનો કોઇ ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવેલ નથી. ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. ગુનાવાળી જગ્યા ઉપરના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ કામે કોઇ આર.ટી.ઓ. વિભાગના કોઇ સક્ષમ અધિકારીના નિવેદન લીધેલ નથી.''

## –: <u>પુરાવાઓનું મૂલ્યાંકન</u> :–

(૧૨) હાલના કામે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આંક–૭ થી ફરિયાદી તેમજ આંક–૯ થી ત.ક.અ.શ્રી મહેશભાઇ મંગળભાઇ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, લક્ષ્મીનારાયણ ત્રણ રસ્તા ધરમપુરના મુખ્ય માર્ગ ઉપર આવેલું છે ત્યાં રોડની સાઇડમાં તૈયાર કપડાં વેચવાની લારી લગાવવામાં આવેલી. વધુમાં તેઓએ ફરિયાદની અંદર કહેવાતું મોપેડ કેટલી સ્પીડ ઉપર જતું હતું તેનો કોઇ ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવેલ નહી હોવાની હકીકત સ્વીકારેલ છે

અને ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નહી હોવાનું પણ કબુલ કરેલ છે. ત્યારબાદ તેઓએ આ કામે ગુનાવાળી જગ્યા ઉપરના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી કે કોઇ આર.ટી.ઓ. વિભાગના કોઇ સક્ષમ અધિકારીના નિવેદન લીધેલ નથી. તે ઉપરાંત ફરિયાદમાં આરોપીના કદકાઠીનું વર્ણન જણાવેલ નથી. જેથી બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાથી ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે કોઇપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા નથી. આમ, ત.ક.અમલદારની જુબાનીને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું ન હોવાથી આ કામના આરોપી પોતાનું મોપેડ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હતા કે કેમ અને જો પુરઝડપે મોપેડ ચલાવતા હતા તો મોપેડ કેટલી સ્પીડ ઉપર જતું હતું તેનો કોઇ ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવેલ નથી તો તે હકીકત સંદર્ભે શંકા ઉદ્ભવે છે અને આરોપી વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત થતું નથી. વધુમાં, આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી જેથી પંચનામાની હકીકતો માની શકાય નહી. પંચો હોસ્ટાઇલ હોઇ પંચનામાની હકીકતો સંપૂર્ણપણે સાબિત થઇ પુરવાર થતી નથી તેથી પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૩) આમ, રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપી ઉપર શંકા ઉદ્ભવે છે કે તેઓએ ફરિયાદવાળો ગુનો કરેલ છે પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબૂત હોય તો પણ તે કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહી. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ ફરિયાદપક્ષને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશનના શીરે હોય છે. પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની

તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂઘ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરિયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે,''સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી.'' આમ, ઉપરોકત કરેલ ચર્ચાના કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં **નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ આસામ – એ.આઈ.આર.– ૨૦૧૨ એસ.સી. ૭૮૬** માં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા નં. ૨૮ માં એમ ઠરાવેલ છે કે,

> "It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion, however strong, can never take the place of proof. There is indeed along distance between accused 'may have committed the offence' and 'must have committed the offence which must be traversed by the prosecution by adducing

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of NarendraSingh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૪) આમ, રેકર્ડ ઉપરની હકીકત, રજુ થયેલ પુરાવા, બંને પક્ષકારો તરફે દલીલો તથા ઉપર મુજબ કરેલ ચર્ચાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નંબર- ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં મુદ્દા નંબર- ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::આ ખ રી હુ ક મ::-**

(૧) આ કામના આરોપી **યશ ઈન્દ્રસિંહ સોલંકી,** ઉં.વ.૨૪, વ્યવસાય- અભ્યાસ, રહે. નટવર પાર્ક, ડેપોની પાછળ, તા. ધરમપુર, જિ.

વલસાડ નાઓને **બી.એન.એસ.ની કલમ– ૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૭૮(૧) અન્વયે **શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે અપીલ સમય વિત્યા બાદ કબજે લીધેલ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

(૩) આરોપીના અગાઉ આપેલ જમીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૮૧ અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૧, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.: ૧૧/૦૬/૨૦૨૬
સ્થળ : ધરમપુર

**(પારુલ રાજપાલ ધનખડ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ
ધરમપુર, વલસાડ.
**જી.જે.૦૧૬૭૧**

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR